# ડેન્ટલ સર્જન અદા કરે છે ૧૩ વર્ષથી ગામનું ઋણ








નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં ૧૦૦ ટકા આદિવાસી સમાજની વસતી છે. ત્યારે તાલુકાના ખોચરપાડામાં ભણીગણીને અન્ય સ્થાયી થયેલા લોકો વતનનું ઋણ અદા કરવાનું કેમ ચૂકે? તાલુકાના નાનકડા ખોચરપાડા ગામનો એક ડેન્ટલ સર્જન પ્રોફેશનલની જગ્યાએ માદરે વતનમાં જ લગભગ ૧૩ વર્ષથી દર મહિને પહેલા રવિવારે ફ્રી ડેન્ટલ ઓપરેશન કેમ્પ કરે છે. આ ડોક્ટર ગામની જાણે માટી લાગી હોય એમ દિશારૂપ દાખલો બેસાડ્યો છે. આજે મેડિકલ એથિક્સ સાથે ડેન્ટલ સર્જન થઈ સમાજને નવી દિશા દેખાડી છે. મૂળ ખોચરપાડા અને હાલ ભરૂચની ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા ડો.વરૂણભાઈ રાવજીભાઈ વસાવા ડેન્ટલ સર્જન છે. તેમના પત્ની ડો.શીતલબેને પણ BAMS સુધી અભ્યાસ કર્યો છે. ડો.વરૂણભાઈ વસાવાએ ભરૂચ જિલ્લામાં ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ધો-૧થી ૫ સુધી શિક્ષણ લીધું. પરિવારમાં દેશદાઝ માટે કંઈક કરવાની તમન્ના માટે બાળપણમાં તેમણે જામનગરની સૈનિક સ્કૂલ બાલાછડી (ઈંગ્લિશ મીડિયમ-સેન્ટ્રલ બોર્ડ)ના ધો.૬માં એડમિશન મળ્યું. વર્ષ-૧૯૯૪થી ૨૦૦૧ સુધી ધો-૬થી ધો-૧૨માં અભ્યાસ કર્યો. ધો-૧૨માં UPSC-NDA પરીક્ષામાં ઉત્તીર્ણ તો થયા પણ SSB ઈન્ટરવ્યુમાં પાસ ન થતાં આર્મીમાં જવાનું સપનું અધૂરું રહ્યું. બાદ ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ-અમદાવાદ (B.J.Medical college)માં વરૂણભાઈએ બેચલરનો અભ્યાસ પૂરો કર્યો. તેમનો કોલેજકાળ પૂરો થયા બાદ પિતાજી રાવજીભાઈને નોકરી માટે છેક નવસારી તાલુકાના ચીખલી ખાતે જવાનું થયું. ત્યારે વરૂણભાઈએ એક દિવસ પણ થાક્યા વિના પગાર લીધા વગર સરકારી હોસ્પિટલ ચીખલીમાં સેવા આપવાનું ચાલુ રાખ્યું. એ વેળા ચાર મહિનામાં ગાંધીનગરથી એક ઉચ્ચ અધિકારી આવ્યા. તેઓ વરૂણભાઈના કામથી પ્રભાવિત થયા ને તેમને NRHM હેઠળ રૂ.૬૦૦૦/- વેતનથી કોન્ટ્રાક્ટબેઇઝ નોકરી મળી. ચીખલી નોકરી વખતે GPSC ક્લાસ-૨ એક્ઝામ પાસ કરીને ૨૦૧૨માં ભરૂચ જિલ્લામાં CHC આમોદ ખાતે કાયમી જોબ મળી હતી. એ જગ્યાએ દર્દીઓ સાથેનો માનવીય અભિગમને કારણે ૭ તાલુકાના દર્દીઓ લાભ લેતા હતા. વર્ષ-૨૦૧૯માં તેઓની ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લાના CHC ચોરીમાલા ખાતે બદલી થઇ હતી. જો કે, ભરૂચ-નર્મદા જિલ્લાથી આવવા-જવાનું લગભગ ૮૦૦ કિ.મી. દૂર હોવાથી ૩ વર્ષ ખોચરપાડા ડેન્ટલ કેમ્પ બંધ રાખવાની નોબત આવી હતી. ત્યારબાદ વર્ષ-૨૦૨૨થી ડેડિયાપાડા તાલુકામાં CHC જૂના મૌઝદા ખાતે બદલી થઈ. મૂળ તો તેમના માદરે વતનની બાજુનો તાલુકો હોવાથી આદિવાસી સમાજથી તેઓ પરિચિત હતા. આથી ગરીબ દર્દીઓની સેવા કરવામાં ખડેપગે રહેતા હતા. તેમની કર્તવ્યનિષ્ઠાને લઈ આખરે તા.૨૬ જાન્યુઆરી-૨૦૨૪માં CHC મૌઝદામાં ડેન્ટલ ડિપાર્ટમેન્ટ તરીકે નર્મદા જિલ્લામાં સર્વશ્રેષ્ઠ કામગીરી માટે પુરસ્કાર એનાયત થયો હતો. જો કે, ડો.વરૂણભાઈની ભાવના અલગ પ્રકારની હોવાથી વર્ષ-૨૦૨૧માં 'રિયલ ભરૂચ' અને 'રોટરી ક્લબ ભરૂચ' દ્વારા સોશિયલ વર્કમાં બેનમૂન કામગીરી કરતા તેમને સન્માનિત કરાયા હતા. વર્ષ-૨૦૧૫માં પણ 'સાઈનેપ્સ ડોક્ટર્સ એસોસિએશન ગુજરાત' અમદાવાદ ખાતે પુરસ્કાર અપાયો હતો. ડો.વરૂણભાઈને માતા-પિતાને કારણે માદરે વતન ખોચરપાડાનાં સંસ્મરણો તાજાં છે. લગભગ ૧૪ વર્ષ પહેલાં માદરે વતનમાં મેડિકલ સેવા કરવા માટે સ્ફૂરણ થતું હતું. વર્ષ-૨૦૧૧થી પોતાના દાદાના નામે 'ગોલિયાભાઈ વસાવા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેન્ટલ સાયન્સ' (GIDS) નામે શુભ શરૂઆત કરી. હવે દર મહિનાના પહેલા રવિવારે ફ્રી ડેન્ટલ ઓપરેશન કેમ્પ યોજે છે. શરૂઆતમાં સતત આઠ વર્ષ આ કેમ્પ ગામની પ્રાથમિક શાળામાં ચાલુ કર્યો હતો. એ વખતે ફક્ત એક પ્લાસ્ટિક ખુરશી પર ડેન્ટલ ઓપરેટિવ એક ટોર્ચ લાઈટનો ઉપયોગ થતો હતો. ત્યારે સૈનિક સ્કૂલ બાલાછડીના સહઅધ્યાયી મિત્રોએ વર્ષ-૨૦૧૪માં ડેન્ટલ ચેર ડોનેટ કરી હતી. ટ્રાયબલ બેલ્ટમાં શરૂઆતમાં દિવસોમાં પડકારનો સામનો કરી ટ્રીટમેન્ટ આપવામાં આવતી હતી. વર્ષ-૨૦૧૮માં ખોચરપાડા ગામના દિવસો ઉજળા બન્યા. સૈનિક સ્કૂલ બાલાછડીના તેમજ ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ અમદાવાદના સહાધ્યાયી મિત્રવર્તુળના સહયોગથી ખોચરપાડામાં ફેસિલિટીયુક્ત હોસ્પિટલનું નિર્માણ કરાયું હતું. હોસ્પિટલમાં રળિયામણું વાતાવરણ ઊભું કરવા માટે નીતનવા સુગંધી ફૂલ સાથે ગાર્ડન બનાવ્યું છે. ૧૦૦ ટકા શુદ્ધ ઓક્સિજનવાળી જગ્યાએ સાગબારા, ડેડિયાપાડા, ઉમરપાડા સહિત પાડોશી મહારાષ્ટ્રના અક્કલકૂવા, નંદુરબારમાંથી ગરીબ દર્દીઓ ફ્રી ટ્રીટમેન્ટ લેવા આવે છે. તેર વર્ષમાં ૧૫૦૦૦થી વધુ દર્દીની મફત ડેન્ટલ સર્જરી કરી છે. આ ભેખધારી સેવામાં ખોચરપાડા ગામના યુવાનો પણ કેમ્પમાં નિષ્કામ સેવા આપે છે. અને હોસ્પિટલ 'ગામનું ઘરેણું' હોય એમ તેની તકેદારી રાખતા હોય છે. કોલેજના મિત્રવર્તુળ તેમજ ગુજરાતના ઘણા બધા ડોક્ટર્સ ખાસ કરીને સેવા કરવા માટે દર મહિનાના પહેલા રવિવારે ખોચરપાડા ગામે અચૂક આવી સંતોષ અનુભવે છે. ગરીબ આદિવાસી દર્દીઓને મફત ટ્રીટમેન્ટ મળતાં તેમના ચહેરા પર ખુશી જોવા મળે છે. આ બાબતે ડો.વરૂણભાઈ વસાવા કહે છે કે, આદિવાસી વિસ્તારમાં એક દાખલો બેસાડવા માટે અભિગમ અપનાવ્યો છે. સૌએ પોતાના ક્ષેત્રમાંથી ગરીબ માનવી માટે કામ કરવા માટે પ્રયાસ કરવા જોઈએ.







**મહિનાના પહેલા રવિવારે ૧૫ હજારથી વધુ ફ્રી ડેન્ટલ ઓપરેશન**

## ખોચરપાડા



### ખોચરપાડા ગામ દર્શન

૦૧) પ્રાથમિક શાળા-૧
૦૨) આંગણવાડી-૨
૦૩) પાંચ મંદિર
- » ભોલેનાથ મંદિર
- » હનુમાનજી મંદિર
- » અંબામાતા મંદિર
- » ભાથીજી મંદિર
- » સાંઈબાબા મંદિર

૦૪) ખોચરપાડા ગામની વસતી-૭૩૪ (૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે)
૦૫) વસાવા, કોઠારી, કાઠુળીયા, નાયકા લોકોનો સમાવેશ
૦૬) ગામમાં કુલ ઘર-૧૭૫
૦૭) ગામમાં સાક્ષરતા દર-૮૫ ટકા
૦૮) ગામમાં અશિક્ષિત દર-૧૫ ટકા
૦૯) ગામના વહીવટદાર-શીલવાન્સભાઈ વી.વસાવા
૧૦) ગામના તલાટી કમ મંત્રી-અશ્વિનભાઈ જે વસાવા
૧૧) પંચાયત ઘર

## ગરીબ કે નિરાધારનાં તેજસ્વી બાળકોને ભણાવવા આચાર્ય મહેન્દ્રભાઈ વસાવા હંમેશાં આગળ

કોઈ ગરીબનું સંતાન હોય કે નિરાધાર વિધવા બહેનનાં તેજસ્વી બાળકો હોય તેમને ભણવાની મુશ્કેલી પડે તો ખોચરપાડા પ્રાથમિક શાળાના શિક્ષક મહેન્દ્રભાઈ વસાવા હંમેશાં આગળ રહે. બાળકોને ભણવું હોય તો તેઓ પોતાનાં ગજવાના પૈસા કાઢીને પણ આપી દે છે. મૂળ સેલંબાના નવાપાડા રોડ પર આવેલા આંબાવાડી ફળિયામાં રહેતા અને ખોચરપાડામાં દંપતી સાથે પ્રાથમિક શાળામાં આચાર્ય એવા ૫૧ વર્ષીય મહેન્દ્રભાઈ દીનાભાઈ વસાવાએ જીવનમાં ઘણા ઉતારચઢાવ જોયા છે. મહેન્દ્રભાઈ વસાવાનો જન્મ સાગબારા તાલુકાના ઉમરાણ ગામે થયો હતો. ધો.૧થી ૪નો અભ્યાસ તેમણે વતન ઉમરાણમાં કર્યો હતો. ધો.૫થી ૭ ઉમરદા આશ્રમશાળામાં, બાદ ધો.૮થી ૧૨નો અભ્યાસ ભરૂચ હોસ્ટેલમાં કર્યો. કોલેજનો અભ્યાસ જેપી કોલેજમાં કર્યા બાદ MAનો અભ્યાસ વિદ્યાનગરમાં કર્યો હતો. બાદ DPEDએ અમદાવાદની આંબાવાડી શેઠ સી.એન.કોલેજમાં શિક્ષણ લીધું હતું. શિક્ષણ પૂરું થતાં વર્ષ-૨૦૦૨માં સાગબારા તાલુકાની નેવડીઆંબા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી હતી. નેવડીઆંબામાં પોતે અને તેમનાં પત્ની પ્રેમીલાબેન વસાવાએ શિક્ષિકા તરીકે સાત વર્ષ નોકરી કરી હતી. બાદ એક વર્ષ ધવલીવેરમાં નોકરી કરી. વર્ષ-૨૦૦૮માં આ દંપતી ખોચરપાડા પ્રાથમિક શાળામાં ફરજ બજાવવા માટે આવ્યું હતું. તેમને સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે. મોટી દીકરી સ્નેહલ ફિઝિયોથેરાપીસ્ટ થતાં બારેજામાં લેક્ચરર થઈ ત્યાં જ ક્લિનિક ચલાવે છે. જ્યારે પીયૂષે MSCમાં ગુજરાતમાં કોલેજમાં ડિસ્ટિંક્શન મેળવીને હાલમાં UPSCની તૈયારી કરે છે. જ્યારે નાનો દીકરો સુજલ વસાવા ૧૨ સાયન્સમાં SVEM ભરૂચમાં અભ્યાસ કરે છે. મહેન્દ્રભાઈ નવી પેઢીને વ્યસનમુક્તિ થાય એ માટે સતત પ્રયત્નશીલ રહે છે. ઈસ્કોન મંદિરની પ્રેરણાથી વાડીધામના ભાથીજી સંપ્રદાય સાથે જોડાયા હતા. સંતો-મહંતો સાથે શિક્ષણ સાથે ધાર્મિક પ્રવૃત્તિમાં વિચારોનાં બીજ રોપતાં ગામમાં પરિવર્તન દેખાઈ રહ્યું છે. શિક્ષક બન્યા એ પહેલાં જીવનમાં ઘણા પડકારોનો સામનો કર્યો હતો. આથી જીવનની કડવી વાસ્તવિકતા પચાવનારા મહેન્દ્રભાઈ ગરીબ પરિવારની વહારે આવ્યા હતા. કેટલાક ગરીબ પરિવારનાં બાળકોએ ભણવું તો હતું પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હતી. આથી મહેન્દ્રભાઈએ આવા પરિવારોની સેવા કરવાનું નક્કી કર્યું હતું. જેમની પાસે નોટબુક ખરીદવાના પૈસા ન હતા એમને સધિયારો આપ્યો કે તમે ભણો. મારાથી બનતી તમામ મદદ હું કરીશ. હમણાં સુધી ૩૫ બાળકને ખુદ મહેન્દ્રભાઈએ પોતાના ખર્ચે સાહિત્ય આપી મદદ કરી છે. એટલું જ નહીં પણ ૧૭ તેજસ્વી બાળકોને કામરેજ તાલુકાના વાત્સલ્યધામમાં અભ્યાસ અર્થે મૂક્યા હતા. ખોચરપાડા ગામમાં વિધવા બહેનોને પણ મદદ કરી પુણ્યનું ભાથું બાંધ્યું છે. ગામની ૮ વિધવા બહેનનાં બાળકો અભ્યાસમાં ખૂબ હોંશિયાર હોવાથી તેમનો ખર્ચ પણ મહેન્દ્રભાઈએ ઉપાડી લીધો હતો. મહેન્દ્રભાઈ ખોચરપાડા સાથેની આત્મિયતા વિશે કહે છે કે, શિક્ષક તરીકે જોડાયો એ પહેલાં મેં ઘણી વિકટ પરિસ્થિતિનો સામનો કર્યો છે. ગામ રૂડું ને રૂપાળું બને એવી મારી ભાવના છે, જેમાં નવી પેઢી અભ્યાસ ક્ષેત્રે તત્પર રહે.





## દ્વિભાષી મુંબઈ સ્ટેટ વખતે ખોચરપાડા પ્રાથમિક શાળાની શરૂઆત થઈ હતી

સાગબારા તાલુકાના ખોચરપાડામાં બાલવાટિકા સહિત ધો-૧થી ૫ પ્રાથમિક શાળા આવેલી છે. દેશની આઝાદી બાદ ગુજરાત તેમજ મહારાષ્ટ્ર ભેગું હોવાથી દ્વિભાષી મુંબઈ સ્ટેટમાં ૨૬મી જાન્યુઆરીના ગણતંત્ર દિવસ આવે એ બે દિવસ પહેલાં તા.૨૪મી જાન્યુઆરી ૧૯૫૮માં ખોચરપાડા પ્રાથમિક શાળાની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં ખપેડાવાળા કાચા મકાનમાં અજ્ઞાનીને જ્ઞાની બનાવવાનો લક્ષ્ય હતો. જો કે, સમયાંતરે સુવિધા મળતાં ખોચરપાડા પ્રાથમિક શાળાનો વિકાસ થયો. આજે ૬૬ વર્ષ બાદ કુલ ૭૭ બાળક શિક્ષણ સાથે અન્ય પ્રવૃત્તિમાં ઘડતર કરી રહ્યા છે. બાળકોના શિક્ષણ પાછળ ૩ જણાનો સ્ટાફ મહેનત કરે છે. આજે બાળકો તમામ તહેવારો, રાષ્ટ્રીય પર્વ, પ્રાથમિક શાળાનો સ્થાપનાદિન ખૂબ આનંદ અને ઉલ્લાસથી ઉજવે છે. ખાસ કરીને બાળકો બ્લોકલેવલે બાળ મેળો, વિજ્ઞાન મેળો, ચિત્રકામ, નિબંધ, વક્તૃત્વ સ્પર્ધા સહિત ખેલ મહાકુંભમાં ભાગ લેતા થયા છે. બાળકો માટે વાલી મીટિંગ પણ થાય છે. બાળકોની તેજસ્વીતા અને ક્યાંક નબળાઈઓ જણાય તો વાલીઓને સૂચના પણ આપવામાં આવે છે. આથી વાલીઓ પણ પોતાનું બાળક શિક્ષણ મેળવે એ માટે સજાગ રહે છે.

## સિવણ ક્લાસની તાલીમ થકી બહેનો બની પગભર




આજે મોંઘવારી કૂદકે ને ભૂસકે આગળ વધી રહી છે. ત્યારે મહિલાઓ પણ પુરુષ સમોવડી બની રહી છે. ખોચરપાડા ગામમાં મહિલાઓને કામ તો કરવું હતું, પણ એવી કોઈ સ્કીલ ન હતી કે તેઓ કોઈ કામ કરી શકે. ત્યારે સિવણ ક્લાસની તાલીમ મહિલાઓ માટે આર્થિક રોજગારનું સાધન બની છે. ખોચરપાડા ગામમાં ઘણી મહિલાઓને બે NGOને કારણે સિવણ ક્લાસની તાલીમ મળી છે. ખોચરપાડાનાં સંચાલિકા ૪૦ વર્ષીય ગીતાબેન ગોવિંદભાઈ વસાવા ૨૦૧૫થી સિવણ ક્લાસ સાથે જોડાયેલાં હતાં. સાત બેચમાં તેમણે ૨૧૦ જેટલી મહિલાને તાલીમ આપી હતી. સિવણ મશીનમાં ૧૯ પાર્ટની સમજ તાલીમાર્થી બહેનોને આપવામાં આવે છે. ખાસ કરીને બેલેન્સ કરીને ચલાવવું, કાપડનું કાંતણ સહિતની તાલીમ તાલીમાર્થીઓને અપાય છે. હાલ તેઓ સેલંબા એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશનમાં જોડાઈ તાલીમાર્થીઓને તાલીમ આપવાનું કામ કરે છે. ઘણી તાલીમાર્થી બહેનો ઘરે જ કામ કરે છે. જ્યારે હાલમાં એક બેન સિવણની દુકાન લગાવીને રોજગારી મેળવી રહ્યાં છે. આમ, સિવણ ક્લાસ એ ગામડાંમાં ખૂબ મહત્ત્વનો ભાગ બની ગયો છે. ગીતાબેન વસાવા કહે છે કે, અમારા વિસ્તારની ગામડાંની મહિલાને સિવણ ક્લાસમાં રુચિ વધારે છે. સિવણની તાલીમ થકી રોજગાર મળે તો આર્થિક રીતે પરિવારને મદદ પણ મળી શકે.


